**તાત્કાલિક**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પસફ-૨૬૭૭-એમએલએ-૧૮-ન
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૦-૫-૭૭.

**પરિપત્ર**
:::::::::

તાજેતરમાં એક એવો કિસ્સો સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યો છે કે મોટર અકસ્માતમાં મૃત્યુ પામેલા નાગરિકોના નજીકના સગાં સંબંધીઓને આ કરૂણ બનાવની જાણ કરવામાં અક્ષમ્ય વિલંબ થયો હતો. સરકારશ્રી પોલીસની આ અંગેની અપેક્ષા સભારતાથી નિભાળી છે. જ્યારે ક્યાંય પણ અકસ્માત થાય અને કોઇ પણ ગંભીર રીતે ઘવાય કે મૃત્યુ પામે ત્યારે ઘાયલ થનાર કે મૃત્યુ પામનારના સરસામાનમાંથી કે શક્ય હોય તે રીતે નામ ઠામ અને સરનામાં મેળવી, અકસ્માતની જાણ પોલીસને થયાથી બે કલાકની અંદર તેઓના સગાસંબંધીને પ્રાયોરિટી તારથી, ટેલીફોનથી કે વાયરલેસથી અત્યંત ત્વરાથી જાણ કરવાની વ્યવસ્થા કરવી. જ્યારે કોઇ ગંભીર અકસ્માત બને ત્યારે તેમાં ઘાયલ થનારાઓને નજીકના હોસ્પીટલમાં તાત્કાલિક પહોંચતા કરવા, કરૂણ રીતે મૃત્યુ પામ્યા હોય તેવા કિસ્સાઓ બાકાત કરતાં અન્ય એવી ઇજાઓ થઇ હોય કે જ્યાં સારવારને અવકાશ હોય તેઓને વિના વિલંબે નજીકના હોસ્પીટલમાં સારવાર માટે પહોંચતા કરવાનો પ્રબંધ કરવો. આ અંગે કોઇ નિષ્કાળજી કે નિષ્ક્રિયતાને ગંભીર ક્ષતિ ગણીને જવાબદાર સામે પગલા લેવામાં આવે તેની આથી સૂચના આપવામાં આવે છે. આ ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે સર્વે નિસ્બતકર્તાઓને તાત્કાલિક સૂચના આપવા વિનંતી છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પૂ. ગ. ગુપ્તે
ઉપ સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે નાયબ મુખ્યપોલીસ અધિકારીશ્રીઓ.
પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રી.